પ્રતિ, તા. ૨૫/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**
કાર્યાલય મંત્રી,
ભાજપ–સુરત મહાનગર

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતરત્ન, પરમ શ્રધ્ધેય ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલબિહારી વાજપેયીજીના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર તથા બાલાજી વ્યાયામ શાળા દ્વારા આજરોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે "ગાયત્રી યજ્ઞ"નું આયોજન કરવામાં આવ્યું હતું. શહર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, મહામંત્રી શ્રી મદનસિંહ અટોદરીયા, શહેર હોદ્દેદારશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, યુવા મોરચાના અને મહિલા મોરચાના કાર્યકર્તાઓએ હવનમાં આહુતિ આપી શ્રધ્ધેય અટલજીને યાદ કર્યા હતા.

આ ઉપરાંત સ્વ. અટલજીની ચિરસ્મૃત્તિમાં સાંજે ૭:૦૦ કલાકે જીવનભારતી રંગભવન ખાતે "અટલ કવિ સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ખ્યાતનામ કવિઓ અનિલ ચાવડા (અમદાવાદ), શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' (અમદાવાદ), એષા દાદાવાળા (સુરત), નરેન્દ્ર બંજારા (મુંબઈ), રાજેષ રેડ્ડી (મુંબઈ) કાવ્યપાઠ કરશે. દેશભક્તિ તથા અટલજીની કવિતાથી ભરપૂર આ કવિ સંમેલનમાં મોટી સંખ્યામાં પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો હાજર રહેશે.